# તાત્પર્ય વિશે બે વાત

અવિરત ચાલેલા સ્વાધ્યાયનો આ સાર એટલે 'તાત્પર્ય'. તાત્પર્યના કોશગત અર્થ તો ભાવાર્થ, મતલબ, સાર, હેતુ અને ધારણા જેવા થતાં હશે પણ અહીં મૂકાયેલા અભ્યાસલેખો આજ સુધી ગુજરાતી સાહિત્યને સેવવાનો જે આનંદ ઉપલબ્ધ થયો એને રજૂ કરે છે. 'તાત્પર્ય'ના છેલ્લા કેફિયત લેખમાં એ વાત જરા વિસ્તારથી ચીંધી છે.

વિવેચનનો કોઈ પણ ખૂણો આનંદથી ભર્યો ભર્યો હોય છે અને એની પ્રતીતિ આ લેખો વેળાએ થઈ છે. એ કારણે કોઈ પણ અભ્યાસનું તાત્પર્ય અંતે તો રસ છે. અહીં સાંપ્રત વિવેચનની સાથે આપણી વિવેચન પરંપરાના ધ્યાનાર્હ બિંદુઓ સુધી પહોંચવાનો જે યત્ન છે એ આપ સૌને પણ આનંદ આપશે એવી આશા છે.

'તાત્પર્ય'ના પંદર લેખો વિવિધ દિશાને અંકે કરે છે. આ તમામ લેખોને પ્રકાશિત કરનારા નોંધપાત્ર સામયિક સંપાદકોને વંદન. એમાં કેટલાક દીર્ઘ અભ્યાસ પણ છે. ટૂંકમાં એ સઘળા મારી અભ્યાસયાત્રાના સૂચક છે. અતંદ્ર પરિશ્રમથી આ ઉપરાંત સંપાદકીય લખાણો, વિવિધ સામયિકોમાં ને ખાસ કરીને 'પ્રત્યક્ષ' સામયિકમાં કરેલી મહત્ત્વના ગ્રંથોની સમીક્ષાઓ, 'ગુજરાત મિત્ર'માં સળંગ છ વર્ષ સુધી ચલાવેલા 'અક્ષરની આરાધના' જેવા સ્તંભને કારણે સાહિત્ય અને સાહિત્ય ઉપરાંતના જગતનો જે પરિચય થવા પામ્યો એને હું મારું સદ્‌ભાગ્ય લેખું છું. અવકાશે એમાંની પસંદ કરેલી સામગ્રી અહીં પ્રકાશિત થઈ રહી છે.

કોઈ પણ અંગત ઓળખ વિના ઝેન ઓપસે આ પુસ્તકને પ્રગટ કરવાનું સ્વીકાર્યું અને તેને રંગેરૂપે ઉત્તમ ઘાટ આપવાનો યત્ન કર્યો છે એનો સર્વાધિક આનંદ છે. ઝેન ઓપસની સમગ્ર ટીમને અભિનંદું છું. આ ક્ષણે મૂગું હેત વરસાવતી દર્શના અને કળાકાર દીકરા યશને પણ યાદ કરું છું.

સ્નેહાદર સાથે,

**– કિશોર વ્યાસ**

# વિવેચકનું સામાજિક ઉત્તરદાયિત્વ

સામાજિક વ્યવહાર જાળવવા કોઈના ઘરે મળવાહળવા જવાના પ્રસંગો આપણને ગમે કે ન ગમે, વેઠવા જ પડતા હોય છે. એ આપણે ત્યાં બેસી ગયા હોય, મળી ને હળી ગયા હોય ત્યારે આપણે પણ એને ત્યાં ધાડ પાડી એને ચોંકાવી દેવાનો ક્યારેક કારસો કરતા હોઈએ છીએ. એમના ઠેકાણા વિશે કોઈ જાણીતા લાગતા માણસને પૂછીએ અને એ માણસ આપણને ભુલભુલામણીમાં નાખે તો આપણે આગળપાછળ થયા કરીએ, ગોળગોળ ઘૂમ્યા કરીએ. વિચાર્યું તો હોય કે પેલો જરા જેટલો પણ આગ્રહ કરશે તો અઠે-દ્વારિકા નહીં તો અઠે-જૂનાગઢ તો કરીશું જ. એવા વખતે મળવા ધારેલા માણસનું મોં પણ જોવા ન મળે ત્યારે શું થાય? પહોંચવાનો બધો આનંદ હવામાં વરાળ બનીને ઊડી જાય ને? વાંકીચૂકી ગલીઓ રચનારને, આટલી મોટી સોસાયટી બનાવનારને, એકસરખી લાગતી મકાનોની કતાર સામે આપણે હૈયાવરાળ કાઢવા લાગીએ એ તો ખરું જ, પણ એનાથી બમણો ગુસ્સો પેલા રસ્તો બતાવનાર પર નીકળી જાય છે. રસ્તો બતાવનારની આપણે એક જવાબદારી આંકી. એ રસ્તો બતાવે તો રસ્તો સાચો હોવો ઘટે. સાહિત્યકલાનો આનંદ, એની ખૂબી અને ખામીઓ, એની નોખીનોખી ભાત અને સ્વાદનો પોતાની આગવી સૂઝ અને સમજથી આપણને પરિચય કરાવતા રહે એવા વિવેચકનું સામાજિક ઉત્તરદાયિત્વ ભારે ખપનું છે. નહીં તો જ્યાં આપણે પહોંચવાનું છે એના બદલે અવળા રસ્તે લઈ જઈ તમારા આનંદને, તમારી મજાને એ મારી નાખશે. કાં તો તમને પોતાની ગોળગોળ વાતોમાં ભેરવશે અને ખોટકાઈ ગયેલા તાળામાં કૂંચી ફર્યા કરે અને તાળું બંધનું બંધ રહે એવી દશામાં મૂકશે. એ તમારો હાથ ખેંચી, બાપદાદાના સમ દઈ પોતાના ઘરે તમને લઈ પણ જાય. શા કારણે, ખબર છે? - ત્યાં પોતાની આત્મકથાઓનાં પાનાંઓ ખોલશે. આપવડાઈથી તમે ઢંકાઈ

જશો. બીજાઓને મળેલાં ઇનામ સમારંભોમાં આગળ ઊભા રહી જઈ પોતે જ પાડેલા ફોટાઓમાંથી એકાદ ફોટો તમને સવારસાંજ પૂજા કરવા પણ કદાચ આપે. તમે એ ફોટો લેવાના કે? વિવેચકે સમાજની કલા-રુચિ વિકસાવવી હોય, સાહિત્યઘડતરને માટે એમણે ચારે દિશાનો પ્રયત્ન કર્યો હોય, ધોરણો માટે લાભાલાભની ક્યારેય પરવા ન કરી હોય એવો વિવેચક તમને દોરે, તમને ત્યાંથી ઉઠાડે. તમે જો રસપિપાસુ છો તો તમને એ ક્યારેય નિરાશ નહીં કરે.

સાહિત્યને આપણે એક સામાજિક ઘટના તરીકે ઓળખીએ છીએ. સર્જક સમાજનો એક સભ્ય છે. એના સંદર્ભમાં સાહિત્યકાર પાસેથી સમાજ જેમ કેટલીક ચોક્કસ અપેક્ષાઓ રાખે છે એમ વિવેચક પાસે પણ અપેક્ષાઓ રાખે. આ આશા-અપેક્ષામાંથી જ સામાજિક જવાબદારી કહો કે ઉત્તરદાયિત્વ કહો, એ ઊભું થાય છે. તીવ્ર સંવેદનશીલ સર્જક સમાજમાં બનતી ઘટનાઓનું આલેખન કરતા હોય છે. ક્યારેક તો સમાજ પણ સર્જકના પ્રતિભાવ માટે અપેક્ષા રાખતો થઈ જાય. આવે વખતે વિવેચક એ ઘટનાઓના સંવેદનથી કંઈ પર નથી હોતો, પણ કૃતિના કલારૂપાંતરને એ નિર્મમ બનીને તપાસે છે. નીરક્ષીરને જુદાં કરી આપે છે. કેવળ સર્જકો જ નહીં, સાહિત્યકૃતિ જ નહીં, સાહિત્યિક સંસ્થાઓ જો પોતાના ઉદ્દેશથી ચલિત થાય તો એમને પણ ટપારે છે. સાહિત્યિક વિવાદોનું વજૂદ તપાસે છે ને પોતાનો ચોખ્ખો અભિપ્રાય આપતાં એ અચકાતો નથી. સર્જક નારીચેતના પર કલમ ચલાવે, દલિત સાહિત્યને સરજે કે પછી ગ્રામચેતનાનાં સંકુલ આલેખનો કરે ત્યારે વિવેચકે આ કૃતિઓનું પરીક્ષણ પૂર્વગ્રહમુક્ત બનીને કરવાનું રહે. સમાજસુધારાના આવેશથી લખાયેલી કૃતિઓને જોવી, પરખવી ને એમાંથી બહુપરિમાણી કૃતિને જ આગળ લઈ જવાનું કામ એમણે કરવાનું હોય છે. એક બાજુએ એ સાહિત્યસિદ્ધાંત રચી આપે, સાહિત્યનું શાસ્ત્ર ઘડવાનો યત્ન કરે જેને આપણે પારિભાષિક, ટૅક્નિકલ, કહીએ પણ બીજી બાજુએ એનું સામાજિક ઉત્તરદાયિત્વ રેઢિયાળ કાર્યક્રમો, વાહવાહ વહેંચતાં પુસ્તક વિમોચનો, પદવીકેન્દ્રી સંશોધનોના થતા રહેતા ઢગલાઓ વિશે પણ વાત કરવા સંકોરે છે. સામાજિક દબાવ દિનપ્રતિદિન વધતો રહ્યો હોય તો પણ વાત ચોર્યા વિના એના વિશે સ્પષ્ટ અને આકરી ભાષામાં કહે છે. આપણા પરિસંવાદો, સંમેલનો, સત્રો, અધિવેશનો અને કાર્યશિબિરોનું વલોણું પાણીમાં ફરી રહ્યું છે એનું ભાન કરાવે છે. રમણ સોનીએ આવા સમારંભોમાં ઉપલબ્ધિઓની થતી રહેલી બાદબાકીનો હિસાબ માંડતાં કેવો વ્યંગ કર્યો છે એ જુઓ: “આપણા મોટા ભાગના પરિસંવાદો

ફિસ્સા, ધોરણ વિનાના, કંટાળાજનક ભાષણોના જમેલા જેવા હોય છે. એકસરખું સ્તર પણ એનું જળવાતું નથી. સાંભળનારની - જિજ્ઞાસુ શ્રોતાઓની-ધીરજની લગભગ હંમેશાં કસોટી થતી હોય છે. કાર્યક્રમોના કાર્ડમાં આકર્ષક વિષયો ને મોટાં નામો વાંચીને, ઘણી અપેક્ષાથી એ અંદર આવ્યો હોય છે, પણ બધું એવું કડડડભૂસ થતું જાય છે કે એને બહાર ખુલ્લી હવામાં જતા રહેવાનું મન થયા કરે છે, પણ વિવેકના દંડાથી એ દબાયેલો રહે છે. બહાર જવું જોઈએ એવી ઇચ્છા કેમ કરીને છટકી જવું એવી વેતરણમાં ફેરવાઈ જાય છે." (પરોક્ષે-પ્રત્યક્ષે, પૃ. ૮૩) આ શિયાળા જેવી ટાઢાશમાં જરા હૂંફાળા ડામ ચાંપવાની જવાબદારી આવી પ્રબળ સાહિત્યિક નિસબતથી બાકી કોણ કરે?

નર્મદ-નવલરામથી આપણે ત્યાં કેવળ દોષદર્શન નહીં, પણ વિવેચનને ઘાટ આપવાની જે મથામણ શરૂ થઈ એમાં સાહિત્યમૂલ્યની ખેવના હતી. વિવેચનનું અર્પણ તો સર્જકો પૂરતું મર્યાદિત રહેતું નથી. કેળવણી પામેલા લોકની રુચિ ઘડવાનું ને એને સંસ્કાર આપવાનું કામ પણ એમાં સમાયેલું હોય છે. વિવેચનની પદ્ધતિ, એનો અભિગમ અને ભાષાના પ્રશ્નોનો સામનો કરીને વિવેચકના સામાજિક ઉત્તરદાયિત્વની આપણે ભાળ મેળવી શકીએ. નવલરામે સખત ટીકાકારની જરૂર છે એમ કહી સારા ગ્રંથોને વખાણવાની ને નઠારાને તોડી પાડવાની વાત કરી. બારે રાશિકા ભલા કહેવાને બદલે ગ્રંથ સારો હોય તો ખખડાવીને સારો કહેવાની ને નઠારો હોય તો શરમ રાખ્યા વિના થોડા ચાબખા લગાવવાની વાત કરી હતી.

સર્જન જેમ આનંદ છે તેમ વિવેચનનો પણ એક આનંદ છે. વ્યાપક સાહિત્ય હિત માટેનું વિવેચન તો સવિશેષ આનંદ આપનારું નીવડવું જોઈએ. વિવેચન સાહિત્યધર્મ-કલાધર્મના ચાસ પાડવા મથે છે. આથી જ વિવેચન એ કલ્યાણકર્મ છે. વિવેચક પોતાની સૂક્ષ્મ પર્યેષક બુદ્ધિથી અને મૌલિક દૃષ્ટિ વડે સાહિત્યવિચારની નવી દિશાઓને આંકી આપતો હોય છે. પોતાનું એક પદ્ધતિશાસ્ત્ર રચી આપતો હોય છે. કોઈ બીબાઢાળ મૉડેલની પાછળ એ દોરવાઈ જતો નથી હોતો. સ્વતંત્ર અભ્યાસો આપવાની સાથે એ વળીવળીને નબળાં, ડોળઘાલુ, બેજવાબદાર સાહિત્યકાર્યોની ઝીણી ટીકા કરે છે. 'ધર્મપુરવર્ણન' નામના પુસ્તક વિશે નવલરામ શું કહે છે એ જુઓઃ "એ નામનું એક કવિતાનું ચીંથરું કેટલાક માસથી અમને મળેલું, પણ કોણ જાણે સમજીને જ ક્યાંય એવું સંતાઈ ગયું હતું કે તેની અમે અત્યાર સુધી ખબર લઈ શક્યા નહીં. હાલ

ચીંથરાંઓની કોઈ ખોટ નથી, પણ એમાં આ સર્વોપરી જણાય છે... આવું કરતાં તો બકાલું કે વિદ્યાર્થીના આશીર્વાદ કરી પેટ ભરવાની મહેનત કરવી એ વધારે આબરૂદાર ગણાત, ગંભીરતાથી વિચાર કરતાં અમને એમ લાગે છે કે તેમાં આ લવારા જોડનારા કરતાં તે સાંભળનારાઓનો દોષ વધારે છે." (નવલ ગ્રંથાવલી, પૃ. ૪) આ કહેવા પાછળ નવલરામની વ્યાપક સાહિત્યહિતચિંતા પ્રવર્તતી દેખાય છે. પ્રજાહિતમાં વિવેચક. થાબડભાણાં શૈલી દાખવી ન શકે, ઠાવકું ને શાણું વલણ લઈ બેસી ન રહે. નિષ્પક્ષ બનીને કહેવું, લાગ્યું એ જ લખવું એની પ્રતીતિ એમનાં લખાણોમાંથી બહાર આવ્યા વિના ન રહે જે. ઈ. સંજાનાના વિવેચનસંગ્રહ ('ગુજરાતી સાહિત્યનું અનુશીલન' - અનુ. શાલિની ટોપીવાળા, અકાદમી, ૨૦૧૦ ગાંધીનગર)ની સમીક્ષા કરતી વેળા રમેશ ઓઝાએ આ વાતો તારવી છે. સંજાનાએ મુનશીના અતિપ્રચલિત ખ્યાલ ગુજરાતની અસ્મિતાને કૂવામાંના દેડકા જેવો કહ્યો. એમાં પ્રાંતીયતા અને સંકીર્ણતા જોઈ. સંજાના ધર્મ, પ્રદેશ કે સાંપ્રદાયિકતાના વર્તુળથી ઉપર ઊઠવાની વાત કરી વૈશ્વિકતાનો સંદર્ભ આપે છે. હવે આ જ વાત તમે ઠાકોરમાં જોઈ શકો. એમણે તો માત્ર પ્રાંતીય ભાષાઓના અભિમાનથી પ્રેરાઈને આપણી જ ભાષાના સાહિત્યજગતમાં પુરાઈ રહેવા બાબતે સાહિત્યકારોને ચેતવણી આપી છે અને એ માટે વિવિધ ભાષાની ઉત્તમ કૃતિઓના અનુવાદનું કામ મોટા પાયા પર ઉપાડવાની જિકર કરી છે. પ્રશિષ્ટ સાહિત્ય અને વિશ્વસાહિત્યના આદર્શો ધરીને અન્ય ભાષાઓના ઉત્તમ સાહિત્યને આણવું પડે. ઉમાશંકરના 'શ્રી અને સૌરભ' ગ્રંથને યાદ કરીને કહી શકાય કે ઉમાશંકરનું આસ્વાદક - વિવેચક ચિત્ત કેવા તો પ્રશિષ્ટ ગ્રંથોને બાથ ભરે છે. ઠાકોરે આપણી કવિતાના ટીકાકાર જાતે-આપણે જ બનવાનું છે એમ કહીને આત્મમંથન પર ભાર મૂક્યો. બેહદ પ્રશંસા સામે સર્જકોને સાવધ રહેવા શીખ આપી. કવિ ઉપાધિ મેળવી લેવાની આકાંક્ષાવાળો અશિક્ષિત ઘુસણિયો અને અનધિકારી વર્ગ ગુજરાતમાં સારી પેઠે વધી ગયેલો એમને જણાયો ત્યારે કવિક્ષેત્રમાં આવા ધસારાને એમણે મહામોટી આફત ઘટાવી. ઠાકોર ભારપૂર્વક માનતા હતા કે લોકોએ કાવ્ય માટે રુચિ કેળવવી જોઈએ શિષ્ટગ્રંથો સંવનનના અધિકારી છે ઉમાશંકરના શબ્દો અહીં જાણે કે ઠાકોરના મતમાં સૂર પુરાવે છે. આ માટે ઉત્તમ કવિતાનું વારંવાર વાચન કરવાની તેઓ સલાહ આપે છે.

આ ઉદ્દેશને પાર પાડવા છૂટાછવાયા પ્રયત્નો કરવાને બદલે ગંભીરપણે બધી જ સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાતત્યથી હાથ ધરવી જોઈએ.